# કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

ગુજરાત રાજય

( Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાન તકો,અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

ભોંયતળિયેબ્લોક નં. ૧૬, જુના સચિવાલય,સેકટર-૧૦, ગાંધીનગર- ૩૮૨૦૧૦

**કેસ નં. ૫૩૩/૨૦૧૫** **ક્રમાંક કમિ/અપગ/૨૦૧૫-૧૬/**

તા. ૨૨/૦૭/૨૦૧૬

અરજદારઃ-

**દવે મીનાબહેન વિષ્ણુપ્રસાદ,**
**૪૯, પાર્થ ટવીનબંગ્લોઝ,**
**મુ.પો. પેથાપુર,**
**તા.જી. ગાંધીનગર.**

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-**

**મેનેજીંગ ડીરેકટરશ્રી,**
**ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ,**
**મધ્યસ્થ કચેરી, નરોડા પાટીયા,**
**અમદાવાદ.**

**વિષયઃ- વિકલાંગ ધારો (સમાન તકો,અધિકારોનું રક્ષણ અન પૂર્ણ ભાગીદારી ) ૧૯૯૫ અન્વયે ફરિયાદ.**

૧ અરજદારશ્રી દવે મીનાબહેન વિષ્ણુપ્રસાદ, ૪૯, પાર્થ ટવીનબંગ્લોઝ, મુ.પો. પેથાપુર, તા.જી. ગાંધીનગરની તા.૧૦/૧૨/૨૦૧૫ ની ભારતિય વિકલાંગ ધારા, ૧૯૯૫ અન્વયે આ કોર્ટને તા.૧૧/૧૨/૨૦૧૫ ના રોજ ફરીયાદ મળતાં પ્રસ્તૃત ફરીયાદ કેસ રજીસ્ટ્રરમાં નોંધ કરી કેસ નં.૫૩૩/૨૦૧૫ તરીકે દાખલ કરવામાં આવેલ અને કેસની મુદત તા.૨૦/૧/૨૦૧૬ ના રોજ રાખવામાં આવેલ.

૨. અરજદારશ્રી દવે મીનાબહેન વિષ્ણુપ્રસાદ ધ્વારા આ કોર્ટને ફરિયાદ કરવામાં આવેલ કે, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ તરફથી કન્ડકટરની કરવામાં આવેલ ભરતીમાં તેઓ પાસે કન્ડકટરનો બેઝ, લાયસન્સ અને ફર્સ્ટ એઇડ સર્ટીફિકેટ હોવા છતાં અને તેઓ વિકલાંગ હોવાથી તેઓને કન્ડકટરની ભરતીમાં કોઇ ઓર્ડર આપેલ નથી. આ પહેલા તેઓ વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીની કચેરીમાં તા.૧૩/૫/૨૦૧૫ અને તા.૧૪/૮/૨૦૧૫ ના રોજ અરજી કરેલ જે પરત્વે વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીની કચેરીના તા.૧૫/૫/૨૦૧૫ ના પત્રથી યોગ્ય કાર્યવાહી કરવા માટે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમને જણાવવામાં આવેલ. જેનો કોઇ પ્રત્યુતર અરજદારશ્રી દવે મીનાબહેન વિષ્ણુપ્રસાદને કે વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીની કચેરીને આપેલ ન હોઇ અરજદારે આ દાવા અરજી કરેલ હોવાનુ જણાવેલ છે.

૩. પ્રસ્તુત કેસમાં તા. ૨૦/૦૧/૨૦૧૬, ૮/૨/૨૦૧૬, ૨૨/૨/૨૦૧૬, ૧/૩/૨૦૧૬ અને ૨૨/૩/૨૦૧૬ ના રોજ વખતો વખત વધુ સુનાવણી માટે કેસની મુદતો રાખી બન્ને પક્ષકારોને સાંભળવામાં આવેલા.

૪. અરજદારશ્રી દવે મીનાબહેન વિષ્ણુપ્રસાદ ધ્વારા લેખિત અને મૌખિકમાં રજૂઆત કરવામાં આવેલ છે કે, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની ઓનલાઇન ઓજસ એપ્લીકેશન મારફતે તા.૧/૫/૨૦૧૫ થી તા.૩૧/૫/૨૦૧૫ સુધી કન્ડકટરની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવેલ. કન્ડકટરની ભરતી માટે ધોરણ-૧૦ પાસને પાંચ વર્ષ માટે રૂા. ૭,૮૦૦/- ના ફિકસ પગારથી ૧૧૬૭ જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવેલ, જેમાં ફિઝીકલ હેન્ડીકેપ્ડ માટે કોઇ અનામત જગ્યાઓની જોગવાઇ રાખવામાં આવેલ નહી. તેણી વિકલાંગ ઉમેદવાર છે અને ૪૦ ટકા વિકલાંગતા ધરાવે છે. તેમજ કન્ડકટરનું લાઇસન્સ, બેઝ અને ફર્સ્ટ એઇડ સર્ટીફિકેટ ધરાવે છે. ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા જાહેર કરાયેલ પરિણામમાં તેણીનો સમાવેશ નહી કરી ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા ભરતીના

નિયમોનો અને વિકલાંગ ધારાની જોગવાઇઓનો ભંગ કરવામાં આવેલ છે, જે અન્વયે આ કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવે તેવી તેણીની રજૂઆત છે.

પ. ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના તા.૨૫/૧/૧૬ અને તા.૨૯/૨/૧૬ ના પત્રથી જણાવવામાં આવેલ છે કે, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની કન્ડકટરની ફરજો ક્ષેત્રીય પ્રકારની હોય છે. કન્ડકટર તરીકેની વિશિષ્ટ દૈનિક ફરજો જેવી કે, ચાલુ બસમાં જનતાની વચ્ચે ઉભા રહીને તેમજ ભીડની વચ્ચે આગળ-પછળ જઇને મુસાફરોને ટીકીટ આપવાની અને ટીકીટના નાણાં વસુલ કરવાની, બસ સ્ટેશન તથા કંટ્રોલ પોઇન્ટ પર બસને પ્લેટફોર્મ પર મુકવાની, બસને આગળ-પાછળ કરવામાં ડ્રાયવરને મદદ કરવાની, ટીકીટ વેચાણના આવેલ નાણાં કેશરુમમાં ભરવા જવાની, બસ સ્ટેશન તથા કંટ્રોલ પોઇન્ટ પર બસમાંથી ઉતરીને બસને નોંધાવવા જવાની, મુસાફરોને સલાહ-સૂચન અને માર્ગદર્શન આપવાની, વિકલાંગ, વૃધ્ધ અને બાળકોને બસમાં બેસવામાં મદદ કરવાની વગેરે ખૂબ જ અસરકારક શ્રમ લેતી અને ચાલુ વાહને હલન ચલન કરતી ફરજો બજાવવાની હોય છે. તદ્ઉપરાંત ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા મેળા, પ્રદર્શન, સરકારી કાર્યક્રમ, કુદરતી આપત્તિઓ, ચૂંટણી તેમજ કેજયુઅલ કોન્ટ્રાકટમાં સતત ફરજ બજાવવાની રહે છે. પ્રસ્તૃત ફરજો વિકલાંગ વ્યકિતઓને સોંપવી હિતાવહ જણાતી ન હોઇ કન્ડકટરની સીધી ભરતીમાં અનામત જગ્યાઓની જોગવાઇ નહીં રાખી જાહેરાત આપવામાં આવેલ તથા ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના તા.૧/૬/૧૫ ના પત્રથી કન્ડકટર / ડ્રાયવરની જગ્યાઓમાં વિકલાંગો માટે અનામત જગ્યાઓ રાખવામાંથી મુકિત આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ. પરંતુ સરકારશ્રીની તે બાબતે કોઇ મંજૂરી નહીં આવતાં સરકારશ્રીની મંજૂરીની અપેક્ષાએ કન્ડકટરની સીધી ભરતીની જાહેરાતમાં વિકલાંગ વ્યકિતઓ માટે જગ્યાઓ અનામત રાખવામાં આવેલ ન હતી. પુનઃ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના તા.૨૨/૫/૨૦૧૫ ના પત્રથી આ બાબતે સરકારશ્રીમાં રજૂઆત કરતાં બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૩૦/૧૨/૨૦૧૫ ના

પત્રથી વિકલાંગ ઉમેદવારોની ભરતી નહીં કરવા માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગમાંથી મુકિત મેળવાયેલ ન હોવાથી આ ભરતી પ્રકીયા અન્ય સૂચના ન મળે ત્યાં સુધી ૩ ટકા જગ્યાઓ ખાલી રાખવા સૂચના આપેલ છે, તે મુજબ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા કન્ડકટરની ભરતીમાં આવેલ પરિણામમાંથી ૩ ટકા જગ્યાઓ ખાલી રાખી અન્ય ઉમેદવારોની નિમણૂંક કરવામાં આવેલ છે. તે જોતાં જયાં સુધી સીધી ભરતી માટે વિકલાંગ અનામતમાંથી મુકિત ન મળે ત્યાં સુધી અરજદારની રજુઆત દફતરે કરવા રજુઆત કરાયેલ છે. વધુમાં ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના તા.૨૯/૨/૨૦૧૬ ના પત્રથી કન્ડકટર કક્ષાની ભરતીમાં ૫૦ જગ્યાઓ ખાલી રાખવામાં આવેલ હોઇ અને સરકારશ્રીમાંથી સૂચના મળે તે મુજબ ઘટતી કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ છે.

૬. ઉપરોકત વિગતે અરજદારશ્રી દવે મીનાબહેન વિષ્ણુપ્રસાદ અને ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની લેખિત અને મૌખિક રજૂઆતો જોતાં પ્રસ્તૃત કેસમાં હું નીચેના તારણ ઉપર આવું છું.

(૧) ભારતિય વિકલાંગ ધારો, ૧૯૯૫ ની જોગવાઇઓ મુજબ કન્ડકટરની સીધી ભરતીમાં ૩ ટકા જગ્યાઓ વિકલાંગ ઉમેદવારો માટે અનામત રાખવાની થાય છે. જે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની જાહેરાતમાં સ્પષ્ટપણે દર્શાવેલ નથી કે, વિકલાંગ ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોવા અંગે જાહેરાતમાં કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

(૨) કન્ડકટરના કાર્ય અને ફરજો સતત હલન-ચલન પ્રકારની હોવાથી તેને ભરતીની પ્રક્રિયામાંથી મુકિત આપવા માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની તાંત્રિક સમિતિમાંથી મુકિત મેળવવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૩) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીની કચેરી ધ્વારા વિકલાંગ અરજદારની રજૂઆત પરત્વે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા કોઇ કાર્યવાહી કરાયેલ નથી

કે અરજદાર અને  વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીની કચેરીને કોઇ જવાબ પાઠવવામાં આવેલ નથી.

(૬) કેસની સમગ્ર બાબતો ધ્યાને લઇ હું નીચે મુજબ હુકમ કરું છું.

**- હુ ક મ –**

ગુજરાત રાજય માર્ગ  વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ ધ્વારા કન્ડકટરની સીધી ભરતી માટે વર્ષ ૨૦૧૫ માં આપવામાં આવેલ જાહેરાત અન્વયે વિકલાંગ ઉમેદવારની કઇ કેટેગરી માટે કેટલા ટકા વિકલાંગ ઉમેદવાર રાખી શકાશે અને કઇ કેટેગરીના વિકલાંગ ઉમેદવારને મુકિત આપવી કે કેમ?  તે અંગે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની અનુમતી મેળવવા કાર્યવાહી કરી તે અન્વયે બાકી રહેલ જગ્યાઓ વિકલાંગ ઉમેદવારથી ભરવા માટે તાકીદે નિયામાનુસાર કાર્યવાહી કરવામાં આવે તથા અરજદારની અરજીનો તે અન્વયે નિકાલ કરવા હુકમ કરું છું.

ઉપરોકત હુકમ સાથે હું પ્રસ્તૃત કેસનો નિકાલ કરું છું.

**(સંજય નંદન)**
**કમિશનર**

નકલ રવાનાઃ-

(૧) **દવે મીનાબહેન વિષ્ણુપ્રસાદ, ૪૯, પાર્થ ટવીન બંગ્લોઝ, મુ.પો. પેથાપુર, તા.જી. ગાંધીનગર** તરફ જાણ સારૂ.

(૨) **મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, મધ્યસ્થ કચેરી, નરોડા પાટીયા, અમદાવાદ.**